# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# રાગ ખરેખર ક્યાં થાય છે?
# હીમતનગર, પ્રવચન LA૪૮૦
## સંદર્ભ - શ્રી સમયસાર ગાથા ૯૨-૯૩ તથા ૩૩૨-૩૪૪ ટીકાનો છેલ્લો ફકરો

***************

## શ્રી સમયસાર ગાથા ૩૩૨-૩૪૪ ટીકાનો છેલ્લો ફકરો

**માટે, જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં, કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે, અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી (-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું (અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું); તે ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ (અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત) થવાને લીધે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ), વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો (-જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે-રૂપે જ પરિણમતો થકો), કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.**

***************

### પ્રવચન

એની શોધ કરવાની છે. તેની શોધ કરતા આચાર્ય ભગવાન ફરમાવે છે કે ખરેખર અનાદિથી દ્રવ્યકર્મમાં જ રાગનો અનુભાગ થાય છે. જેમ ખાટા-મીઠાનો સ્વાદ નોકર્મનો છે, એમ રાગ-દ્વેષ-સુખ-દુ:ખ એ દ્રવ્યકર્મનો સ્વાદ છે, એ દ્રવ્યકર્મના પરિણામ છે, એ ત્યાં (દ્રવ્યકર્મમાં) જ થાય છે. ત્યાં થાય છે અને આત્માની પર્યાયમાં જ્ઞાન થાય છે. આ એક વસ્તુની સ્થિતિ છે, બસ!

મુમુક્ષુ: સ્થિતિ છે. બરાબર.

પૂ. લાલચંદભાઈ: અહીંયાં જ્ઞાન થાય છે કેમ કે જ્ઞાન ઉપયોગનું લક્ષણ છે, અને એ ઉપયોગ અનાદિ-અનંત સ્વચ્છ છે. અજ્ઞાની ભલે હોય તો પણ એનો ઉપયોગ મલિન નથી થયો, એ તો સ્વચ્છ છે. જેમ દર્પણમાં પ્રતિભાસ થાય છે એમ આ સ્વચ્છ ઉપયોગમાં પુદ્ગલનો અનુભાગ અહીંયાં જણાય છે.

મુમુક્ષુ: કર્મકૃત મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાન સમયે.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાનસમયે એ અહીંયાં જણાય છે. (રાગ) થાય છે કર્મમાં - જડમાં, અહીંયાં (આત્મામાં) થાય છે જ્ઞાન ઉપયોગ. એનો (રાગનો) અહીં (જ્ઞાનમાં) પ્રતિભાસ દેખીને કે આ જાણે મારામાં રાગ થયો - એવી ભ્રાંતિ ઉભી કરી; એટલે અહીંયાં પર્યાયમાં મિથ્યાત્વ આવી ગયું. મિથ્યાત્વ ત્યાં (દ્રવ્યકર્મમાં) હતું. મિથ્યાત્વ અહીંયાં (આત્માની પર્યાયમાં) પણ ન હતું અને આત્મામાં

(દ્રવ્યમાં) પણ ન હતું. આત્માની પર્યાયમાં પણ ન હતું અને આત્મામાં - દ્રવ્યમાં પણ નથી. દ્રવ્યે શુદ્ધ અને પર્યાયે સ્વચ્છ - સ્થિતિ આ.

મુમુક્ષુ: હા, સ્થિતિ છે આ.

પૂ. લાલચંદભાઈ: હવે મિથ્યાત્વનો - દ્રવ્યકર્મનો અનુભાગ દેખાણો, ત્યાં સ્વભાવને ભૂલી ગયો કે હું જ્ઞાતા છું; સહજ જ્ઞાતા અવસ્થાનો ત્યાગ કરે છે.

મુમુક્ષુ: અવસ્થાનો ત્યાગ કરે છે.

પૂ. લાલચંદભાઈ: અવસ્થાનો ત્યાગ કર્યો, દ્રવ્યનો નહિ.

મુમુક્ષુ: નહિ, એટલે અવસ્થામાં જાણે રાગ થઈ ગયો હોય એવું એને ભાસ્યું.

પૂ. લાલચંદભાઈ: એને ભાસ્યું, એ જ્ઞાનનો ત્યાગ કર્યો. થાય છે જ્ઞાન, પણ જ્ઞાનનો ત્યાગ કરીને મારામાં રાગ થાય છે, એમ એને ભ્રાંતિ થઈ. હવે અહીંયાં રાગ થાય છે, તો ત્યાં (દ્રવ્યકર્મમાં) રાગ થાય છે.

મુમુક્ષુ: અહીંયાં પર્યાયમાં ભાસે છે.

પૂ. લાલચંદભાઈ: ભાસે છે રાગ.

મુમુક્ષુ: તો દ્રવ્યકર્મમાં...

પૂ. લાલચંદભાઈ: (તો દ્રવ્યકર્મમાં) રાગ થાય છે. હવે આગળ વધો અંદરમાં. હવે રાગ પર્યાયમાં થાય છે કે રાગ દ્રવ્યમાં છે? આગળ વધો. દ્રવ્ય સ્વભાવ તો પરમપારિણામિક ભાવે શુદ્ધ છે અનાદિ-અનંત, છતાં એમાં (દ્રવ્ય સ્વભાવમાં) રાગ છે એમ માને છે ત્યાં સુધી પર્યાયમાં રાગ છે.

મુમુક્ષુ: દ્રવ્યમાં રાગ માને ત્યાં સુધી પર્યાયમાં રાગ થાય છે.

પૂ. લાલચંદભાઈ: પર્યાયમાં રાગ છે. આ ત્રણ પ્રકારની સ્થિતિનું વર્ણન થઈ ગયું.

હવે એનો અભાવ કેમ થાય? સુલટી વાત. આ ઊલટી થઈ ગઈ, આ ભૂલ હતી. હવે જ્ઞાની ગુરુ મળ્યા કે - તું તો જ્ઞાયક છો, તું શુદ્ધ છો, તારામાં રાગ થતો જ નથી, અવકાશ નથી, ભાવકર્મની ઉત્પત્તિ થવાનો અવકાશ નથી. એમ વાત જયાં સાંભળી, કે આહાહા! મારામાં જ્ઞાન થાય છે. મારામાં જ્ઞાન થાય છે, ત્યાં પર્યાયમાં જ્ઞાન થઈ ગયું, તો પર્યાયમાં રાગ નથી. તો પર્યાયમાં રાગ નથી તો દ્રવ્યકર્મમાં પણ રાગ નથી. અહીંયાં સ્વભાવને જોયો, મારામાં રાગ નથી. નથી, તો અહીંયાં (પર્યાયમાં) પણ નથી.

મુમુક્ષુ: અહીંયાં નથી તો પછી ત્યાં નથી.

પૂ. લાલચંદભાઈ: અહીંયાં (પર્યાયમાં) નથી તો ત્યાં (દ્રવ્યકર્મમાં) નથી. એક જગ્યાએ નથી તો બે જગ્યાએ નથી થઈ જશે. એક જગ્યાએ નથી તો બે જગ્યાએ નથી થશે. પર્યાયમાં પણ નથી, અને સામાન્ય વર્ગણા થઈ ગયું, દર્શનમોહ ખલાસ થઈ ગયો. દ્રવ્યકર્મનો અભાવ થયો, નિર્જરા થઈ ગઈ. દ્રવ્યકર્મની નિર્જરા થઈ, દ્રવ્યકર્મનો ક્ષય થઈ ગયો - દર્શન મોહનો. અહીંયાં (આત્મ દ્રવ્યમાં) નથી તો બે જગ્યાએ નથી. અને અહીંયાં છે તો બે જગ્યાએ છે.

મુમુક્ષુ: તો તો બન્ને છે. અહીંયાં છે તો બધેય છે, અહીંયાં નથી તો પછી કયાંય નથી.

પૂ. લાલચંદભાઈ: સારો વિચાર આવ્યો હતો તમને કાલે સાંજે.

મુમુક્ષુ: હા, બહુ સારું. દૃષ્ટાંત કેવું યાદ આવ્યું? આહાહા!

પૂ. લાલચંદભાઈ: દૃષ્ટાંત યાદ આવી ગયું ... મોટરમાં.

મુમુક્ષુ: જેમ રાગ દ્રવ્યકર્મમાં થાય છે, અહીંયાં પર્યાયમાં થતું નથી, પણ એને એમ ભાસે છે કે મારી પર્યાયમાં થાય છે ત્યાં સુધી દ્રવ્યકર્મમાં રહે છે.

પૂ. લાલચંદભાઈ: રહે છે એ રાગ નિમિત્તપણે (દ્રવ્યકર્મમાં). નૈમિતિક છે, નૈમિત્તકનો ઉત્પાદ છે ત્યાં સુધી નિમિત્ત છે. હવે એ નૈમિત્તિક કયાં સુધી ઉપજે છે? કયાં સુધી ઉપજે છે? કે આત્મામાં થાય છે એમ માને છે ત્યાં સુધી નૈમિત્તિક - અશુદ્ધ પર્યાય પ્રગટ થઈ. પણ આત્મામાં નથી તો પર્યાયમાં પણ નથી.

મુમુક્ષુ: પર્યાયમાં નથી.

પૂ. લાલચંદભાઈ: પર્યાયમાં નથી તો?

મુમુક્ષુ: તો નિમિત્તમાં પણ નથી. બે જગ્યાએ ભૂલ થાય છે. બે જગ્યાએ ભૂલ થાય છે. પહેલા મૂળમાં (રાગ) દ્રવ્યકર્મમાં હતો.

પૂ. લાલચંદભાઈ: હા, એને બદલે .....

મુમુક્ષુ: પણ ભેદજ્ઞાન નહીં કર્યું એણે, તો પર્યાયમાં થયું, પછી પર્યાયમાં થયું તો એણે એમ માન્યું કે દ્રવ્યમાં થયું તો પર્યાયમાં ચાલુ રહ્યું.

પૂ. લાલચંદભાઈ: ચાલુ થયું.

મુમુક્ષુ: પછી અઆાદીનીહિયાં નથી એમ માને તો પછી પર્યાયમાં રહેતું નથી અને દ્રવ્યકર્મમાં પણ રહેતું નથી. એટલે બે જગ્યાએ ભેદજ્ઞાન કરવાનું હતું.

પૂ. લાલચંદભાઈ: સમ્યગ્દર્શન થઈ ગયું, પછી પર્યાયમાં મિથ્યાત્વ નથી તો દ્રવ્યમાં મિથ્યાત્વ નથી. એટલે મૂળ તો અહીંથી છે. પહેલા ત્યાં થાપ ખાધી છે. પહેલા ત્યાં થાપ ખાધી છે, પહેલા. પહેલું પગલું એ છે, હો! પહેલું પગલું એ છે. ભ્રાંતિનું પહેલું કારણ એ છે.

મુમુક્ષુ: એ જ્ઞાનસમયે, જ્ઞાનસમયે ભૂલી જાય છે કે મારામાં રાગ થાય છે કે જ્ઞાન થાય છે?

પૂ. લાલચંદભાઈ: હા! ઇ ભૂલી જાય છે. પહેલા સ્ટેજે બે પર્યાય વચ્ચેની એકતા કરી, બે પર્યાય વચ્ચે. અને પછી પર્યાય અને દ્રવ્ય વચ્ચે એકતા થઈ ગઈ. જેમ એ લીધું છે ને, કે સહજ જ્ઞપ્તિક્રિયા સ્વભાવભૂત છે, અને આ કરોતિક્રિયા છે હિંસા આદિની, એના ગર્ભમાં. આ બે વચ્ચેનું ભેદજ્ઞાન નથી લીધું, આ બે પર્યાય વચ્ચેનું. એમ આ બે પર્યાય વચ્ચેની એકતા થઈ ગઈ; દ્રવ્યકર્મનો રાગ અને અહીંયા જ્ઞાન થાય છે, એકતા થઈ ગઈ.

મુમુક્ષુ: એટલે બે દ્રવ્યની એકતા થઈ ગઈ.

પૂ. લાલચંદભાઈ: હા, બે દ્રવ્યની એકતા.

મુમુક્ષુ: અને અહીંયાં દ્રવ્ય-પર્યાયની એકતા.

પૂ. લાલચંદભાઈ: એકતા થઈ ગઈ.

મુમુક્ષુ: ઓલામાંથી બચી ગયા તો આમાં...

પૂ. લાલચંદભાઈ: પણ અહીંયાં જ્ઞાન થાય છે અને ત્યાં રાગ થાય છે તો પછી આત્મામાં રાગ

થાય છે એ આવ્યું નહિ ને! આત્મામાં તો જ્ઞાન થાય છે એમ લીધું ને, રાગ તો ત્યાં થાય છે, રાગી તો પુદ્ગલ છે.

મુમુક્ષુ: રાગની પાછળ જ્ઞાનનું ... જ્ઞાન તો પ્રગટ થઈ ગયું.

પૂ. લાલચંદભાઈ: હાં.

મુમુક્ષુ: રાગ ત્યાં થાય છે, અહિયાં જ્ઞાન થાય છે.

પૂ. લાલચંદભાઈ: હાં, આ તો એણે ત્યાં સ્થાપી દીધું છે એટલે આપણે અહીંથી ઉથાપ્યું. પહેલા સ્ટેજે ભૂલે છે. ચોથો ભેદ કહું છું ને, એ ચોથો ભેદ. એના જ્ઞાનસમયે - કર્મકૃત મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે.

મુમુક્ષુ: ભૂલમાં ભૂલ જ દૃષ્ટાંત થઈ ગયું. પહેલા નંબરની ભૂલ દૃષ્ટાંત થઈ ગયું. બીજા નંબરની ભૂલ સિદ્ધાંત થઈ ગયું.

પૂ. લાલચંદભાઈ: સિદ્ધાંત થઈ ગયું. એ જ વાત, એ ને એ જ વાતને તમે સ્ફટિમણિ અને ફૂલની સાથે આને સરખાવો, જુઓ સરખાવાઈ જશે જૂઓ, ઉતારો તમે બેન. આ જ વાતને ત્રણ સ્ટેજમાં તમે ફૂલ અને સ્ફટિકમણિ બે પદાર્થ છે, હવે એમાં તમે ઉતારી દયો. કેવી રીતે ઉતારશો? ઉતરી જશે હમણાં!

મુમુક્ષુ: લાલ તો ફૂલ છે. લાલિમા તો ફૂલની છે.

પૂ. લાલચંદભાઈ: પ્રથમથી જ?

મુમુક્ષુ: પ્રથમથી જ.

પૂ. લાલચંદભાઈ: કે બે જગ્યાએ લાલ છે?

મુમુક્ષુ: નહીં નહીં, લાલ એક જ જગ્યાએ છે - ફૂલ જ લાલ છે અને સ્ફટિક લાલ નથી.

પૂ. લાલચંદભાઈ: અચ્છા, આમ (નજદીક) બેસ જરા. હા, એક જ જગ્યાએ લાલ છે. કયાં?

મુમુક્ષુ: ફૂલ, ફૂલમાં લાલીમા છે.

પૂ. લાલચંદભાઈ: અચ્છા!

મુમુક્ષુ: અહીંયાં તો લાલ ઝલકે છે.

પૂ. લાલચંદભાઈ: શેમાં?

મુમુક્ષુ: અહીંયાં સ્વચ્છતામાં, સ્ફટિકની સ્વચ્છતા છે એમાં પ્રતિભાસે છે.

પૂ. લાલચંદભાઈ: સ્વચ્છતા છે તે દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય?

મુમુક્ષુ: સ્વચ્છતા પર્યાય છે.

પૂ. લાલચંદભાઈ: પર્યાય. અચ્છા! પર્યાયમાં ઝલકે છે.

મુમુક્ષુ: સ્ફટિક દ્રવ્ય છે.

પૂ. લાલચંદભાઈ: હા.

મુમુક્ષુ: સ્ફટિક દ્રવ્ય છે અને સ્વચ્છતા છે તે પર્યાય છે. તો પર્યાયમાં લાલિમા ઝલકે છે.

પૂ. લાલચંદભાઈ: અચ્છા?

મુમુક્ષુ: ઝલકે છે તો (પણ) તે આવતી નથી.

પૂ. લાલચંદભાઈ: નહિ?

મુમુક્ષુ: લાલિમાં ત્યાં રહીને અહીંયાં પ્રતિભાસ થાય છે.

પૂ. લાલચંદભાઈ: અચ્છા!

મુમુક્ષુ: માત્ર પ્રતિભાસ થાય છે.

પૂ. લાલચંદભાઈ: તો પછી આગળ વધો.

મુમુક્ષુ: તે (સ્ફટિકની સ્વચ્છતા) ભૂલી જાય છે (અને માને છે) કે સ્ફટિક લાલ છે, પર્યાયમાં લાલ છે.

પૂ. લાલચંદભાઈ: આ પર્યાય લાલ થઈ ગઈ (એમ માને છે)- તે ભૂલ થઈ ગઈ.

મુમુક્ષુ: તે પહેલા નંબરની ભૂલ આ થઈ.

પૂ. લાલચંદભાઈ: હા, પહેલા નંબરની ભૂલ. પછી?

મુમુક્ષુ: પછી બીજા નંબરની ભૂલ આ થઈ કે સ્ફટિક લાલ છે.

પૂ. લાલચંદભાઈ: કે સ્ફટિક રાતો છે.

મુમુક્ષુ: કે સ્ફટિક રાતો છે.

પૂ. લાલચંદભાઈ: બસ! તે ભૂલ થઈ એની.

મુમુક્ષુ: બીજા નંબરની ભૂલ આ છે.

બીજા મુમુક્ષુ: પાસ થઈ ગયા.

પૂ. લાલચંદભાઈ: મને તો ખાતરી હતી, મને તો ખાતરી હતી એટલે તો પૂછયું હતું મેં. સ્પષ્ટ છે એકદમ વાત.

મુમુક્ષુ: સ્પષ્ટ છે એકદમ. ખરેખર એને ફૂલ લાલ દેખાય (તો) એ સ્ફટિકનું સ્વચ્છપણું હાથમાં આવી ગયું. બધી રીતે હોં! આખોય સ્ફટિક.

પૂ. લાલચંદભાઈ: હાં, એને ફૂલ જ લાલ ભાસવું જોઈએ. બસ!

મુમુક્ષુ: એને ફૂલ જ લાલ ભાસવું જોઈએ. આખોય સ્ફટિક સ્વચ્છ દેખાય.

પૂ. લાલચંદભાઈ: હા, આખો. આખો દ્રવ્ય-ગુણ-પર્યાયથી સહિત, કારણ અને કાર્ય બન્ને.

મુમુક્ષુ: બન્ને શુદ્ધ દેખાય એને. દ્રવ્ય અને પર્યાય બન્ને શુદ્ધ દેખાય. આપે ઘણું સહેલું અને સ્પષ્ટ કરી દીધું છે. એકદમ! બહુ સ્પષ્ટ, ચોક્ખું.

પૂ. લાલચંદભાઈ: પણ ભ્રાંતિ જ હતી ને? ભ્રાંતિ. સ્ફટિકમણિ લાલ કયાં થયો છે?

મુમુક્ષુ: ભ્રાંતિ જ હતી. કયાંથી થાય? ફૂલ પોતાની લાલાશને છોડતો નથી અને સ્ફટિકમાં પ્રવેશ કરતું નથી.

પૂ. લાલચંદભાઈ: (પ્રવેશ) કરતું નથી.

મુમુક્ષુ: કયાંથી સ્ફટિક લાલ થાય? સ્ફટિક પોતાની સ્વચ્છતાને છોડતો નથી.

પૂ. લાલચંદભાઈ: છોડતો નથી, હા! દૃષ્ટિ ફરી, બસ! બીજું કાંઈ એને ફેરફાર ન કર્યો.

મુમુક્ષુ: બીજો કોઈ ફેરફાર ન કર્યો.

પૂ. લાલચંદભાઈ: ફૂલ ફૂલની જગ્યાએ રહ્યું, સ્વચ્છતા સ્વચ્છતાની જગ્યાએ રહે, એનો

પ્રતિભાસ ભલે થાય તો પણ સ્ફટિકમણિ શુદ્ધ જ છે, લાલ નહિ થાય. બસ એવું ભાન થઈ જાય છે. ફૂલ હટાવાની જરૂર નથી.

મુમુક્ષુ: ફૂલ હટાવાની કયાં, ફૂલ તો ફૂલમાં છે ને?

પૂ. લાલચંદભાઈ: ફૂલમાં રતાશ છે, અહિં ક્યાં આવ્યું?

મુમુક્ષુ: દૃષ્ટિ હટાવી લેવાની છે.

પૂ. લાલચંદભાઈ: ફૂલ ઉપર દૃષ્ટિ છે એના ઉપરથી સ્ફટિક ઉપર આવવી જોઈએ.

મુમુક્ષુ: ભાઈ, ફૂલ ઉપર દૃષ્ટિ છે એટલે એને સ્ફટિક લાલ દેખાય છે.

પૂ. લાલચંદભાઈ: બસ!

મુમુક્ષુ: ફૂલ ઉપર દૃષ્ટિને હટાવી લે, તને સ્ફટિક સ્વચ્છ દેખાશે! દૃષ્ટિ છે ફૂલ ઉપર અને દેખે છે સ્ફટિકને, એટલે સ્ફટિક લાલ દેખાય છે.

પૂ. લાલચંદભાઈ: હા! પણ નિમિત ઉપરથી લક્ષ છૂટી જાય, અને ઉપાદાન ઉપર આમ જોવે સ્ફટિકને તો?

મુમુક્ષુ: તો તો જ્ઞાન પ્રગટ થઈ ગયું એને.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાન પ્રગટ થઈ ગયું.

મુમુક્ષુ: બહુ સરસ! નવી વાત આવી આજે.

પૂ. લાલચંદભાઈ: હા! સ્ફટિકમણિની પર્યાય રાતી થઈ જ નથી. (થઈ છે) એ તો ભ્રાંતિ છે. (રાતી) અપરિક્ષકને લાગે છે.

મુમુક્ષુ: ભ્રાંતિ છે, અપરિક્ષકને લાગે.

પૂ. લાલચંદભાઈ: હા. એ જ વખતે પરીક્ષક કહે છે સ્ફટિકમણિક સ્વચ્છ છે, બન્નેની વાદ-વિવાદ થાય છે. ઓલો કહે છે કે તમારી વાત એક અપેક્ષાએ સાચી છે કે સ્વભાવે સ્વચ્છ છે, હું કહું છું કે પર્યાયમાં લાલ થઈ છે. ઓલો (પરિક્ષક) કહે છે કે પર્યાય પણ સ્વચ્છ છે, પર્યાયમાં લાલ નથી. પરિક્ષક કહે છે કે સ્ફટિકમણી તો લાલ નથી, એની પર્યાય પણ સ્વચ્છ છે તો જ એની કિંમત છે!

મુમુક્ષુ: હા! તો જ એની કિંમત છે.

પૂ. લાલચંદભાઈ: હા!

મુમુક્ષુ: સ્વચ્છતાથી એની કિંમત છે.

પૂ. લાલચંદભાઈ: (સ્વચ્છતાથી) એની કિંમત છે. એ કાંઈ રતાશ ત્યાં ગરી નથી ગઈ. આહાહા! (રતાશ ગરી જાય) તો તો કોડીની કિંમત થઈ ગઈ એની.

મુમુક્ષુ: તો તો કોડીની કિંમત થઈ ગઈ, લાલ કાંચ થઈ જાય ને!

પૂ. લાલચંદભાઈ: હા, કાંચ થઈ જાય, કાંચ.

મુમુક્ષુ: કાંચની કિંમત ન હોય.

પૂ. લાલચંદભાઈ: કાંચની કિંમત ન હોય, સ્ફટિકની હોય.

મુમુક્ષુ: ભાઈ! એ વાત બહુ કિંમતી છે, હો! આમ તો આ આત્મા અનંત શુદ્ધ શકિતમય જ્ઞાયક છે.

પૂ. લાલચંદભાઈ: છે જ.

મુમુક્ષુ: કદાચ પરિણમે છે તો જ્ઞાનપણે પરિણમે છે.

પૂ. લાલચંદભાઈ: હા! એમાં જ્ઞાન થાય છે. એમાં રાગ અનાદિથી થતો જ નથી.

મુમુક્ષુ: થતો જ નથી.

પૂ. લાલચંદભાઈ: રાગરૂપે પરિણમતો જ નથી.

મુમુક્ષુ: રાગરૂપે પરિણમતો જ નથી. રાગાદિ મિથ્યાત્વાદિ તો પુદ્ગલ - દ્રવ્યકર્મમાં છે.

પૂ. લાલચંદભાઈ: પરિણમે છે.

મુમુક્ષુ: ભાઈ, બહુ સરસ. બે વાત એમાં આવી ગઈ.

પૂ. લાલચંદભાઈ: હા, બે વાત આવી. એટલે રાગી તો પુદ્ગલ છે એમ કહ્યું ને, ભેદજ્ઞાન થયું એટલે. શું થયું ભેદજ્ઞાનમાં?

મુમુક્ષુ: રાગી તો પુદ્ગલ છે.

પૂ. લાલચંદભાઈ: પર્યાયમાં રાગ છે એમ નહિ.

મુમુક્ષુ: નહિ, રાગી તો પુદ્ગલ છે.

ॐ